પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૦ • કુલ પાના : ૪ • તારીખ : ૦૧-૦૯-૨૦૨૨ ગુરુવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પુરથી પાકિસ્તાનના બુરા હાલ થયા

# પાકિસ્તાનમાં આવેલા ભીષણ પૂરમાં અત્યાર સુધીમાં ૧૧૦૦થી વધુ લોકોના મોત થયા છે અને લગભગ ૧૦ અબજ ડોલરનું નુકસાન થયું છે

### ૨૦૧૦માં કોંગ્રેસના શાસન દરમિયાન ભારતે પાકિસ્તાનના લોકોને ભીષણ પૂરથી રાહત આપવા માટે ૨૦ મિલિયન ડોલરની સહાય પૂરી પાડી હતી.



નવીદિલ્હી,

પાકિસ્તાનમાં પૂરના કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. પૂરના કારણે અત્યાર સુધીમાં હજારો લોકોના મોત થયા છે. સમાચાર અનુસાર, આ કુદરતી આફતમાં પાકિસ્તાનને ૧૦ અબજ ડોલરનું નુકસાન થયું છે. આ મુશ્કેલ સમયમાં તેણે પોતાના પાડોશી દેશ ભારતને યાદ કર્યું છે. પાકિસ્તાને ભારત સાથે દ્વિપક્ષીય વેપાર ફરી શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જો કે, નવી દિલ્હીએ સ્પષ્ટ કર્યું છે કે તે વેપારને સામાન્ય બનાવવાના સંદર્ભમાં હાલમાં આવું કોઈ પગલું ભરશે નહીં. જો કે, શાહબાઝ શરીફ સરકારની વિશેષ વિનંતી પર ભારત પાકિસ્તાનને તેના મુશ્કેલ સમયમાં માનવતાવાદી સહાય આપવા માટે તૈયાર છે. પાકિસ્તાનમાં પૂરે તબાહી મચાવી છે. સંકટની આ ઘડીમાં ઈસ્લામાબાદને નવી દિલ્હી યાદ આવી ગઈ હોવાના અહેવાલ છે. પાકિસ્તાન ભારત સાથેના વેપાર સંબંધોને ફરીથી આગળ વધારવા ઈચ્છે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર તે ભારતમાંથી શાકભાજી અને અન્ય ખાદ્ય ચીજોની આયાત કરી શકે છે. આ સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનમાં આવેલા પૂર પર દુખ વ્યક્ત કર્યું છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાનમાં પૂર બાદ શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. ભારત તરફથી પાકિસ્તાનની મદદની આશા વચ્ચે નવી દિલ્હીમાં પાકિસ્તાનને મોટા પાયે મદદ કરવાની ચર્ચા શરૂ થઈ ગઈ છે. ૨૦૧૦માં કોંગ્રેસના શાસન દરમિયાન ભારતે પાકિસ્તાનના લોકોને ભીષણ પૂરથી રાહત આપવા માટે ૨૦ મિલિયન ડોલરની માનવીય સહાય પૂરી પાડી હતી. ભારત માનવતાવાદી સહાય પૂરી પાડી શકે છે સત્તાવાર સૂત્રોએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિ-માર્ગીય વેપાર ફરીથી શરૂ થશે તે ટૂંક સમયમાં શરૂ થશે નહીં. કારણ કે તે પહેલા બંને દેશોએ તેમના રાજદૂતોને પુનઃસ્થાપિત કરવા તેમજ સામાન્ય રાજદ્વારી સંબંધો સ્થાપિત કરવા પર વિચાર કરવો જોઈએ. ત્યાર બાદ જ આગળની વાત થશે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, જેમ ભારતની વડા પ્રધાન નરેન્દ્ર મોદી સરકારે કોરોના રોગચાળા દરમિયાન સહકાર વધાર્યો હતો, તેમ તેમણે દક્ષિણ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશનની વર્ચ્યુઅલ મીટિંગનું પણ આયોજન કર્યું હતું. સુત્રો જણાવે છે કે ભારત પાકિસ્તાનને પૂરના સંકટમાંથી બહાર કાઢવામાં મદદ કરી શકે છે. પાકિસ્તાનમાં આવેલા ભીષણ પૂરમાં અત્યાર સુધીમાં ૧૧૦૦થી વધુ લોકોના મોત થયા છે અને લગભગ ૧૦ અબજ ડોલરનું નુકસાન થયું છે. તે જ સમયે, સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતે કહ્યું છે કે ઈસ્લામાબાદની વિનંતીના આધારે, તે દરેક કેસના આધારે પાકિસ્તાનને ફળો, શાકભાજી અને અન્ય ખાદ્યપદાર્થો તેમજ દવાઓ અને આવશ્યક ચીજવસ્તુઓ મોકલવા માટે તૈયાર છે. જો કે, હજુ સુધી પાકિસ્તાન તરફથી ત્યાં ભારતમાંથી ખાદ્યપદાર્થોની શિપમેન્ટ મોકલવાની કોઈ સત્તાવાર વિનંતી કરવામાં આવી નથી.

ભારત તરફથી પાકિસ્તાનને મદદની આશા ભારત તરફથી પાકિસ્તાનને મદદની આશા પાકિસ્તાનના નાણા પ્રધાન મિફતા ઈસ્માઈલે કહ્યું કે શાહબાઝ શરીફ સરકાર ત્યાંની કટોકટીની સ્થિતિને ધ્યાનમાં રાખીને "ભારતમાંથી શાકભાજી અને અન્ય ખાદ્ય ચીજોની આયાત કરવાનું વિચારી શકે છે". એપ્રિલમાં શહેબાઝ શરીફ પાકિસ્તાનમાં વડા પ્રધાન બન્યા પછી, તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ રહેશે અને ભારત સાથે "શાંતિપૂર્ણ અને સહકારી" અભિગમ અપનાવશે. શાહબાઝે પીએમ મોદીને લખેલા પત્રમાં આ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પહેલા પીએમ મોદીએ શાહબાઝને પીએમ બનવા પર અભિનંદન પાઠવ્યા હતા અને આતંકવાદ મુક્ત શાંતિ અને પ્રાદેશિક સ્થિરતાની ભારતની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો કે, જવાબમાં શાહબાઝે કાશ્મીરનો રોષ ઠાલવતા મામલો ઉકેલવાની અપીલ કરી હતી. પાકિસ્તાનને પીએમ મોદી પાસેથી આશા પાકિસ્તાનને પીએમ મોદી પાસેથી આશા દક્ષિણ અને દક્ષિણ-પશ્ચિમ પાકિસ્તાન ઉપરાંત ઉત્તર પાકિસ્તાનમાં પણ પૂરને કારણે નોંધપાત્ર નુકસાન થયું છે. હજારો પરિવારોએ પોતાનું ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ આશ્રય લીધો છે. મોટી સંખ્યામાં લોકો સરકારી શિબિરોમાં રહે છે જ્યાં સરકાર માટે ખોરાક અને પાણીની પહોંચ એક મોટો પડકાર છે.

# બે વર્ષ બાદ મુંબઈ સહિત દેશભરમાં ગણેશ ચતુર્થીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



### સિદ્ધિ વિનાયક મંદિરમાં આરતીમાં શ્રદ્ધાળુની ભીડ ઉમટી પડી, ઠેર ઠેર ગણેશની સ્થાપના

મુંબઈ,

બે વર્ષ બાદ ગણેશ ચતુર્થીની મુંબઈ સહિત દેશભરમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી અને મુંબઈ સહિત દેશમાં આ અવસર પર ભક્તો ગણપતિના વિવિધ અવતારોની પૂજા કરી હતી ગણપતિના મંદિરો અને પંડાલોમાં ભગવાન ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી અને તેને ખાસ શણગારવામાં આવ્યા હતાં અને ગણેશ ઉત્સવ ધૂમધામથી મનાવવમાં આવ્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગણેશ ચતુર્થીની પૂર્વ સંધ્યાએ તમામ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી અને વિશ્વમાં સૌહાર્દ, સૌહાર્દ, સુખ અને શાંતિની કામના કરી હતી. તેમના સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું, "ગણેશ ચતુર્થીના શુભ અવસર પર, હું ભારત અને વિદેશમાં વસતા તમામ દેશવાસીઓને મારી શુભેચ્છાઓ અને શુભકામનાઓ આપું છું." આ અવસર ગણેશજીની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. ભગવાન ગણેશને વિઘ્નહર્તા અને મંગલમૂર્તિ માનવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગણેશ ઉત્સવ પર દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી હતી યુપીના મુખ્યમંત્રી યોગીએ પણ સમૃદ્ધિની કામના કરી હતી અને ગણેશજીની પુજા અર્ચના કરી હતી.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના નિવાસસ્થાને ગણેશ ઉત્સવની ધૂમ જોવા મળી હતી, પૂજા આરતી સાથે સુખ-સમૃદ્ધિની કરી કામના કરવામાં આવી હતી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ સિંદેએ પણ ભાવથી ગણેશજીની સ્થાપના કરી અને આરતી પૂજા કરીને સૌને શુભકામના પાઠવી હતી મુંબઈમાં લાલબાગ ચા રાજાના દરબારમાં આજે સવારથી જ ભક્તોની ઘોડાપૂર ઉમટ્યું હતું. બે વર્ષ બાદ લાલબાગ ચા રાજાની દર્શન કરીને ભક્તો ધન્યતા અનુભવી રહ્યાં હતાં મુંબઈમાં ઠેર ઠેર પંડોલોમાં ગણેશ ભગવાનની સ્થાપના કરવામાં આવી હતી ગણપતિના ભકતો વાજગે ગાજતે ભગવાનની મૂર્તિઓ લઈને આવ્યા હતાં અને પંડાલોમાં તેની સ્થાપના કરી પ્રાર્થના આરતી કરી હતી.

# છેલ્લા ૨૪ કલાકમાં ૭,૨૩૧ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,

દેશમાં કોરોના વાયરસના કેસમાં મોટી રાહત મળી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭ હજાર ૨૩૧ નવા કેસ નોંધાયા છે. જોકે, આ આંકડો ગઈકાલે નોંધાયેલા નવા કેસો કરતાં વધુ છે. ગત દિવસે દેશમાં ૫ હજાર ૪૩૯ કેસ નોંધાયા હતા.

આ નવા આંકડાઓ બાદ હવે દેશમાં પોઝિટિવ કેસની કુલ સંખ્યા વધીને ૪ કરોડ ૪૪ લાખ ૨૯ લાખ ૨૫૮ થઈ ગઈ છે. જો આપણે મૃત્યુના આંકડા પર નજર કરીએ, તો સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ૫ લાખ ૨૭ હજાર ૮૨૯ લોકોના મોત થયા છે.હવે દેશમાં સક્રિય કેસ વધીને ૬૪ હજાર ૬૬૭ થઈ ગયા છે. દૈનિક હકારાત્મકતા દર પણ ઘટીને ૨.૦૫ ટકા પર આવી ગયો છે. આ સિવાય છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ હજાર ૮૨૮ દર્દીઓ કોરોનાની પકડમાંથી બહાર આવ્યા છે.

કોરોના કેસમાં ઘટાડો અને ઝડપી રિકવરી પાછળ રસીકરણનો મોટો હાથ ગણી શકાય. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૨ લાખ ૫૦ હજાર ૮૫૪ લોકોને રસી આપવામાં આવી છે, ત્યારબાદ કુલ આંકડો હવે ૨૧૨ કરોડ ૩૯ લાખ ૯૨ હજાર ૮૧૬ થઈ ગયો છે.

# યુપી ૧,૧૦૦ ગામડાઓ, કેરળ જળબંબાકાર : પાકને પણ નુકસાન

લખનૌ,

દેશના અનેક વિસ્તારોમાં હાલ ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ જોવા મળી રહી છે. કેરળના કોટ્ટાયમ ખાતે સતત વરસાદના કારણે ઘરો અને રસ્તાઓમાં જળબંબાકાર જોવા મળી રહ્યો છે અને સ્થાનિકો હેરાન થઈ રહ્યા છે. જ્યારે ઉત્તર પ્રદેશમાં આફત બનીને ત્રાટકેલા વરસાદ અને બાંધનું પાણી છોડાવાના કારણે ૧૮ જિલ્લાઓના ૧,૧૧૧ ગામડાઓ પૂરની લપેટમાં આવી ગયા છે તથા હજારો હેક્ટર જમીન પરનો પાક પ્રભાવિત થયો છે. વારાણસીની સ્થિતિ ખૂબ જ કપરી બની છે અને તેના ઘાટો પાણીમાં ડૂબી ગયા હોવાના કારણે મૃતદેહોના અગ્નિસંસ્કારમાં પણ સમસ્યા થઈ રહી છે. બલિયામાં પૂરના પાણીમાં ડૂબી જવાના કારણે એક વ્યક્તિનું મોત થયું છે. હાલ ૧૮ જિલ્લાના ૧,૧૧૧ ગામ પૂરથી અસરગ્રસ્ત છે અને તે પૈકીના ૧૧૬ ગામડાઓનો બાકીના ક્ષેત્ર સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. કુલ ૨,૪૫,૫૮૫ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. જાણવા મળ્યા મુજબ પૂરથી પ્રભાવિત જિલ્લાઓમાં ૩૪૪ શરણાલય બનાવવામાં આવ્યા છે અને ૧૩,૪૯૬ લોકોને ત્યાં આશરો આપવામાં આવ્યો છે. રાહત અને બચાવ કાર્યો માટે એનડીઆરએફ અને એસડીઆરએફની કુલ ૨૬ ટીમોને તૈનાત કરવામાં આવી છે. સાથે જ પ્રભાવિત વિસ્તારોમાં ખાદ્ય સામગ્રીના પેકેટ્સનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

કેન્દ્રીય જળ આયોગના અહેવાલ પ્રમાણે પ્રયાગરાજ, મિર્ઝાપુર, વારાણસી, ગાઝીપુર અને બલિયા જિલ્લાઓમાં ગંગા નદી જોખમના નિશાનને પાર વહી રહી છે. જ્યારે જાલૌન, બાંદા અને પ્રયાગરાજમાં યમુના નદી તથા લખીમપુર ખીરીમાં શારદા નદી, બારાબંકીમાં ઘાઘરા નદી લાલ નિશાનથી ઉપર વહી રહી છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

જી. કે. પરમાર

તરફથી અભીનંદન....

મુ. કરાડા,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

કે. જે. ચૌહાણ

તરફથી અભીનંદન....

મુ. સુરેલી,
તા. કાલોલ,
જી. પંચમહાલ

આઝાદી નો અમૃત મહોત્સવ

ગુજરાત સરકાર

રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૫ કરોડ જનસંખ્યાને સપ્ટેમ્બર-૨૦૨૨ મહિનાના રાહતદરના નિયમિત વિતરણ તથા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ના વિનામૂલ્યે વિતરણ સબંધિત અગત્યની જાણકારી

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સપ્ટેમ્બર મહિનાનું નિયમિત વિતરણ તા.૦૧.૦૯.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.

NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૭ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૮ | ડબલ ફોર્ટિફાઈડ સોલ્ટ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧.૦૦ |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

રાજ્યના NFSA હેઠળ સમાવિષ્ટ તમામ ૩.૪૫ કરોડ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૧ સપ્ટેમ્બરથી કરવામાં આવશે

| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી પોતાના હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી, પોતાની ઓળખ આપી, અન્ન પુરવઠો મેળવી શકશે

"અન્નબ્રહ્મ યોજના"

રેશનકાર્ડ ન ધરાવતા, ઘરવિહોણા વ્યક્તિ/કુટુંબ, અત્યંત ગરીબ/અશક્ત, નિરાધાર વ્યક્તિ, પરપ્રાંતિય શ્રમિકો, હોસ્પિટલના બિછાને પડેલ જરૂરિયાતમંદ દર્દી અને અનાથ બાળકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાનાં હેતુસર વ્યક્તિદીઠ ૧૦ કિલો ઘઉં તથા ૫ કિલો ચોખા રાજ્ય સરકારની "અન્નબ્રહ્મ યોજના" હેઠળ વિનામૂલ્યે મળવાપાત્ર છે

MY RATION

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, આપે મેળવેલ જથ્થો, બીલની રિસિપ્ટની વિગતો મેળવી શકશો.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# મહિસાગરના પાંડરવાળા વિસ્તારમાં વાઘ હોવાનો ગ્રામ લોકોના દાવા સાથે વિડીયો બનાવ્યો

**- વન વિભાગ વાઘની પુષ્ટી કરતું નથી, પણ નકારી નથી.**
**- ગ્રામજનો વાઘ હોવાના દાવો કરી રહ્યા છે.**

ગોધરા, મહિસાગર જીલ્લામાં ત્રણ વર્ષ બાદ ખાનપુર તાલુકા પાંડરવાળાના જંગલમાં વાઘ હોવાની લોકો દ્વારા કહેવામાં આવ્યું છે અને વાઘ દ્વારા રાત્રીના સમયે ઘરો આગળ બાંધેલ પશુઓનું મારણ કરી જંગલમાં જતો રહે છે પાંડરવાળાના લોકો દ્વારા વિડીયો બનાવ્યો છે. વન વિભાગ હાલ વાઘ હોવાનું પુષ્ટી કરવામાં આવી નથી. પરંતુ બાબતને નકારી નથી.

મહિસાગર જીલ્લામાં ત્રણ વર્ષ અગાઉ વાઘ હોવાના પુરાવા મળ્યા હતા, પરંતુ વાઘનો મૃતદેહ મળ્યા બાદ જંગલમાં વાઘ હોવાની વાત વિસરાઈ ગઈ હતી. ત્યારે હાલ ખાનપુર તાલુકાના પાંડરવાળાના જંગલ વિસ્તારમાં વાઘ હોવાની ચર્ચાએ જોર પકડી રહી છે. પાંડરવાળા વિસ્તારના લોકોના કહેવા મુજબ રાત્રીના સમયે ગામમાં વાઘ આવે છે અને ઘરના આગળ બાંધેલ પશુઓનું મારણ કરવામાં આવે છે. પાંડરવાળા વિસ્તારના લોકો દ્વારા વિડીયો બનાવવામાં આવ્યો છે. વન વિભાગ જંગલમાં વાઘ હોવાની પુષ્ટી કરતું નથી પણ આ વાતને નકારવામાં આવી નથી. હાલ તો ખાનપુર પંથકમાં વાઘ હોવાની ચર્ચા જોર ઉપર છે.

# મહિસાગર LCBએ ચોરીના ૧૧ મોબાઈલ સાથે એક ઈસમને ઝડપી બાકોર પોલીસ મથકની ચોરીનો ભેદ ઉકેલ્યો

લુણાવાડા, મહિસાગર એલ.સી.બી. પો.ઈ. ધોરડાને બાતમી મળેલ કે એક ઈસમ મોબાઈલ ફોન વેચવા ગાંગટા બસ સ્ટેશન નજીક આંટાફેરા મારી આવતા જતા માણસોને મોબાઈલ વેચવા બાબતે પુછપરછ કરે છે જેથી ચોકકસ બાતમીના આધારે પેટ્રોલિંગના સ્ટાફે ગાંગટા ખાતેથી એક શંકાસ્પદ ઈસમને ઝડપી પાડી ૧૧ મોબાઈલ તથા ૪ ચાર્જર મળતા જે બાબતે પુછતા સંતોષકારક જવાબ ન આપી શકતા વધુ પુછપરછ કરતા મોબાઈલો તા.૨૪ ઓગસ્ટે રાતના સમયે સુરપાલ મક્વાણા(રહે.ગાંગટા,)કમલેશભાઈ મકવાણા (રહે.ગાંગટા)તથા કૃષ્ણગીરી ગોસાઈ (રહે.ગાંગટા)ચારેય ભેગા મળી લીમડીયા ચોકડી ખાતે આવેલી ગીતાન્સ એન્ટરપ્રાઈઝમાંથી પાછળના ભાગે બાખોરૂ પાડી ચોરી કરેલ હોવાનુ જણાવેલ જેથી બાકોર પો.સ્ટે.ખાતરી કરતા બાકોર પો.સ્ટે.નો ચોરીનો ભેદ ઉકેલ્યો હતો.

# સંતરામપુરના નસિંગપુર ગામે ગણેશ સ્થાપના અને મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરાયું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના નસિંગપુર ગામે ગણેશ સ્થાપના અને મહાયજ્ઞ ચોજાયો. નસિંગપુર ગામે વર્ષોથી ચાલતી પરંપરાગત રીતે ગાયત્રી શક્તિ પીઠ દ્વારા મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલું હતું. સાથે ગણેશ સ્થાપના પણ કરવામાં આવેલી હતી. ગણેશ યુવક મંડળ દ્વારા ગણેશ ચોકમાં આજે યજ્ઞ અને હવન સાથે ગણેશ સ્થાપના કરાઈ હતી. પાંચ કલાક સુધી સ્થાપનાનો કાર્યક્રમ ચોજાયો હતો. જેમાં ગાયત્રી શક્તિપીઠના જી.કે. ભગોરા, નાથાભાઈ ડામોર, માનાભાઈ સોમાભાઈ ડામોર, રામજીભાઈ ગરાસીયા સહિત ગ્રામજનો અને આગેવાનમાં અંબાલાલભાઈ ગાયત્રી મહાયજ્ઞ અને ગણેશ સ્થાપના કરાઈ હતી. સુખ શાંતિ અને સમુદ્રી માટે હવનનો પણ કાર્યક્રમ ચોજાયો.


**સંતરામપુરમાં મા શક્તિ યુવક મંડળ દ્વારા સંતરામપુર થી અંબાજી પગપાળા જવા માટે આજરોજ રથનું પ્રસ્થાન કરવામાં આવેલું હતું અને મહા આરતીનું આયોજન કરાયું હતું. વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ દિલીપભાઈ રાણા, રાજ્યકક્ષાના મંત્રી સહિત શ્રદ્ધાળુઓ આજે આરતીમાં હાજર રહીને પગપાળા સંઘ જવા માટે નીકળ્યા હતા.**

# યુપીના રાજયપાલે ઈટર કોલેજની ઓંચીતી મુલાકાત લીધી, ગેરહાજર રહેલ વિદ્યાર્થીઓને ફોન કરી કારણ પુછયું

લખનૌ, ઉત્તરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટલ અચાન અહીંની નેશનલ ઈટર કોલેજનું નિરીક્ષણ કરવા માટે પહોંચી ગયા હતાં તેમણે સ્કુલમાં વિદ્યાર્થીઓની હાજરીથી લઈ સાફ સફાઈ સુધીનું નિરીક્ષણ કર્યુ હતું અને આ દરમિયાન રાજયપાલે ગેરહાજર છાત્રોને ફોન કરી સ્કુલ ન આવવાનું કારણ પુછયું અને લૈબ કલાસરૂમ સ્ટાફ રૂમ ઓડિટોરિયમ અને સ્ટોર રૂમનો પ્રવાસ કરી ગંદકીને લઈ નારાજગી



વ્યકત કરી અને સ્કુલ પ્રશાસનને સાફ સફાઈ રાખવાનો નિર્દેશ આપ્યો હતો.

નિરીક્ષણ દરમિયાન આનંદીબેન છાત્રોને મળ્યા અને તેમને વાલીની જેમ સમજાવતા નજરે પડયા હતાં આ દરમિયાન તેમણે છાત્રોને બ્લેકબોર્ડ પર હાજર અને ગેરહાજર છાત્રોની સંખ્યા લખાવી અને તેમને રોજ આમ કરવા માટે કહ્યું જયારે જે છાત્ર સ્કુલ આવ્યા ન હતાં તેમને ફોન કરી ગેરહાજર રહેવાનું કારણ પુછયુ અને તેમને એ પણ સમજાવ્યું કે જે દિવસે તે ગેરહાજર રહેશે તે દિવસનો અભ્યાસ છુટી જશે અને આ કારણે તેમનો અભ્યાસમાં નુકસાન થશે આથી તેઓને રોજ સ્કુલે આવવા માટે કહ્યું હતું.

રાજયપાલે અહીં હાજર અનેક છાત્રોથી તેમની ગતિવિધિઓ શિક્ષણ પારિવારિક વિષયો અને સ્કુલોમાં આવવાના સાધનોની બાબતમાં પણ વાત કરી તેમણે છાત્રોથી પાઠયક્રમથી જોડાયેલા સવાલ કર્યા અને બેબમાં પ્રેકિટલ પણ કરાવી જો કે અનેક જગ્યાએ તેમણે ગંદકી જોઈ અને પાટલીઓ પર ધૂળ જામેલી જોઈ જેને લઈને તેઓએ નારાજગી વ્યકત કરી હતી અને સ્કુલ પ્રશાસનને નિર્દેશ આપ્યા કે સાફ સફાઈને લઈ કોઈ ઢીલાસ દાખવવામાં આવે નહીં અને રોજ સફાઈ કરવામાં આવે જયારે રાજયપાલ સ્કુલના પ્રવાસે પહોંચ્યા ત્યારે તેમની સાથે ડીએમ સૂર્યપાલ ગંગવા અને પ્રિસિપલ રામચંદ્ર પણ હાજર રહ્યાં હતાં. એ યાદ રહે કે રાજનીતિમાં આવતા પહેલા આનંદીબેન પટેલ એક શિક્ષિકા હતાં અને તેમના હ્દયમાં રહેલો શિક્ષિકાનો ભાવ તેઓ જયારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતાં ત્યારે પણ અવારનવાર જોવા મળ્યો હતો હવે રાજયપાલ બની ગયા છે તો પણ તેમનો આ ભાવ ઓછો થયો નથી.

# નડિયાદમાં ગણેશ પંડાલમાં તાડપત્રી લગાવતી વખતે ત્રણ યુવકોને કરંટ લાગતા બે યુવકોના મોત

ખેડા, નડિયાદમાં પીજ રોડ પર આવેલ ગણેશ પંડાલમાં દુર્ઘટના બની છે. ગણેશ પંડાલમાં તાડપત્રી લગાવતી વખતે ત્રણ યુવકોને કરંટ લાગ્યો હતો. વીજ કરંટ લાગતા બે યુવકોના મોત નીપજ્યા છે. ગણેશ ભંડારમાં ડેકોરેશન કરવા આવેલા બે યુવાનના મોત થયા છે. ડેકોરેશનના માલિકને ના પાડવા છતાં પણ માલિક દ્વારા કામ કરાવવામાં આવ્યું.

નડિયાદના પીજ રોડ ગીતાંજલી ચોકડી નજીક આવેલ સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ પંડાલમાં તાડપત્રી લગાવતી વખતે અચાનક ૧૧ કે.વી.નો વાયર માથાના ભાગે અડકી જતાં બની ધટના. હાલ બન્ને યુવકો ના મૃતદેહ ને નડિયાદ સિવિલ હોસ્પિટલમાં પીએમ માટે મોકલવા આવ્યા. જ્યાં સુધી યુવાનોને યોગ્ય ન્યાય ના મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો પરિવારજનોનો ઈનકાર કર્યો છે.તેમને સમજાવવામાં આવી રહ્યાં છે.

# સુરતમાં વેપારીએ કરી હીરાના ગણેશની સ્થાપના, કિંમત છે ૫૦૦ કરોડ રુપિયા



સુરત, આજે આખી દુનિયામાં ગણેશ સ્થાપના તરીકે દિવસની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા પાંડવ પરિવારને ૧૬ વર્ષ પહેલાં ૨૭ કેરેટનો રિયલ ડાયમંડનો એક હીરો મળી આવ્યો હતો. જે ગણપતિ આકારનો હોવાને કારણે પરિવારને આ ડાયમંડને પોતાના ઘરમાં રાખ્યો છે. ગણપતિ સ્થાપનાના દિવસે તેની સ્થાપન વિધિ કરતા હોય છે. જોકે, આ ગણપતિની બજાર કિંમત જોવા જઈએ તો, હાલના બજાર પ્રમાણે ૫૦૦ કરોડ રુપિયા આંકવામાં આવી રહી છે.

વિઘ્નહર્તા ભગવાન ગણેશની આજે સ્થાપનાના દિવસે દેશ અને દુનિયામાં ધૂમધામથી ઉજવણી થઈ રહી છે. ત્યારે ડાયમંડ સિટી તરીકે ઓળખાતા સુરતમાં રિયલ ડાયમંડના ગણેશની સ્થાપના પણ કરવામાં આવી છે. સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા પાંડવ પરિવારને પહેલા ડાયમંડના દલાલી સમયના કામમાં તેમને એક પેકેટમાંથી હીરો મળી આવ્યો હતો.

જોકે, આબેહૂબ ગણપતિ જેવા દેખાતા પરિવારની લાગણી જોડાઈ હોવાને લઈને ૨૭ કેરેટનો તેમને ન વેચી પોતાની પાસે રાખ્યો હતો. વર્ષોથી આજના દિવસે પરિવાર તેમની સ્થાપના કરતા હોય છે.

જોકે, હીરાને પરિવારે ડાયમંડ ઓફ ઈન્ડિયામાં તપાસ કરાવતા તે નેચરલ ડાયમંડ છે અને તે સિંગલ પીસમાં હોવાનું સર્ટિફિકેટ પણ તેમની પાસે છે. જોકે, આ હિરાની કિંમત આજની બજાર કિંમત પ્રમાણે જોવા જઈએ તો અંદાજિત ૫૦૦ કરોડ રૂપિયા થાય છે. ત્યારે આ પરિવાર દ્વારા આ ડાયમંડને છેલ્લા ૧૬ વર્ષથી સાચવીને રાખવામાં આવ્યો છે. આજના દિવસે તેમની સ્થાપના કરવામાં આવે છે અને દસ દિવસ બાદ આ ડાયમંડને દૂધમાં ધોયા બાદ ફરી તેને લોકરમાં મૂકી દેવામાં આવતા હોય છે.

# રાજકોટમાં નકલી ટિકિટ બુકીંગ કૌભાંડનું પર્દાફાશ, રેલવે પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી



રાજકોટ, રાજકોટમાંથી ટિકિટ બુકીંગ કૌભાંડનો પર્દાફાશના સમાચાર સામે આવી રહ્યા છે. આ કૌભાડમાં અનેક મુસાફરો સાથે છેતરપિંડી કરવામાં આવતી હતી અને રેલવેને ભારે આર્થિક નુકશાન પહોચડતા હતા. રાજકોટમાંથી નકલી વર્ચ્યુઅલ નંબર પરથી ટિકિટ કૈભાંડનો પર્દાફાશ થયો છે. આ સમગ્ર કૈભાંડ રેલવે પોલીસે ઝડપી પાડ્યું છે. આ મામલે ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી ૪૩ લાખ ની ટિકિટો જપ્ત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે રાજકોટમાં નકલી વર્ચ્યુઅલ નંબરથી ટિકિટ કૌભાંડ કરતા હોવાની બાતમી રેલવે પોલીસને્ મળી હતી ,આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડિને ૬ આરોપીઓને પકડી પાડ્યા હતા તેમની પાસેથી ૪૩ લાખની ટિકિટ જપ્ત કરવામાં આવી હતી,આ નકલી ટિકિટ વેચીને રેલવેને કરોડોનો નુકશાન પહોચાડ્યો હતો.

# દિલ્હીથી લખનૌ સુધીના ૨ ૨ સ્થળો પર આઈટીના દરોડા, ભ્રષ્ટ અધિકારીઓ રડાર પર

લખનૌ, યુપી ખાતે ઈક્રમ ટેક્સની મોટી કાર્યવાહી ચાલી રહી છે. લખનૌ, કાનપુર, દિલ્હી સહિત ૨ ૨ સ્થળો પર ઈક્રમ ટેક્સના દરોડા ચાલુ છે. યુપીમાં અનેક વિભાગોમાં કામ કરતા લગભગ દોઢ ડઝન અધિકારીઓ-કર્મચારીઓ ITના રડાર પર છે. જણાવવામાં આવી રહ્યું છે કે UPICON સાથે જોડાયેલા કોન્ટ્રાકટરો પર પણ ઈક્રમ ટેક્સ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં લખનૌના ૩ સ્થળો જાનીનગર, ફરીદી નગર અને ગોમતી નગર પર આવકવેરાના દરોડા ચાલી રહ્યા છે.

ભ્રષ્ટ અમલદારો અને તેમના નજીકના સાથીદારો પર આવકવેરા વિભાગે દરોડા પાડ્યા હતા. અગાઉ ૧૮ જૂને ડેપ્યુટી કમિશનર ઈન્ડસ્ટ્રીઝ રાજેશ યાદવ, મંગલાની ગ્રુપ અને ગોલ્ડન બાસ્કેટ ફર્મ પર દરોડા પાડીને કરોડો રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. વરિષ્ઠ અમલદારોની નજીકના સાથી રાજુ ચૌહાણ અને દેશરાજના ઘર પર દરોડા પાડવામાં આવ્યા હતા.

# આપની આજ.......

મેષ : આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે. બપોરે કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

વૃષભ : આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે. સાંજે કામ અટકી પડવાની સંભાવના છે.

મિથુન : આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધી સાથે વ્યવહાર ના કરો કારણકે સંબંધ ખરાબ થવાની સંભાવના છે.

કર્ક : આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે. નવી ડીલથી સ્ટેટસ, પ્રતિષ્ઠામાં વધારો થશે. તમે રાત્રે કેટલાંક અપ્રિય લોકોને મળી શકો છો.

સિંહ : આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. બાળકની કોઈપણ સ્પર્ધામાં અણધારી સફળતા વિશે જાણવા મળશે. સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે. તમને રાત્રે પ્રોત્સાહક કાર્યમાં સામેલ થવાનો લહાવો મળશે.

કન્યા : આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો સફળ થશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે. જો તમે કોઈ ઝઘડા-વિવાદમાં પડશો નહીં તો સારું રહેશે.

તુલા : આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે. સાંજથી રાત સુધી કોઈ પ્રિય વ્યક્તિને મળી શકો છો અને કોઈના સારા સમાચાર મળી શકે છે.

વૃશ્ચિક : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે. સાસરાવાળા તરફના સહયોગથી વધુ ફાયદો થઈ શકે છે. સાંજથી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળશે.

ધનુ : આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. કેટલાક લોકોને આંખની સમસ્યા નડી શકે છે અથવા અનિદ્રાની સમસ્યા હોઈ શકે છે. એકબીજાની વચ્ચે લડાઈ કરીને દુશ્મનોનો નાશ થશે.

મકર : આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે. કેટલાક પ્રતિકૂળ સમાચારને લીધે તમારે અચાનક બહાર જવું પડી શકે છે. કોઈપણ અટકેલા અને અધૂરા કામ આજે થઈ શકે છે.

કુંભ : આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. જો તમે શરીરને થોડો આરામ આપો તો તે વધુ સારું રહેશે. આજે કાર્યક્ષેત્રમાં મૂંઝવણ રહેશે.

મીન : આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે. આજે ધંધામાં ધન લાભ થશે અને તમારી આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. વિરોધીઓ પરાજિત થશે.

# અંકિતા તરફડતી રહી પણ પ્લેનની વ્યવસ્થા ન કરાઈ, સોરેન હવે ધારાસભ્યોને મોજ કરાવી રહ્યા છે

રાંચી, ઝારખંડના દુમકામાં અંકિતા હત્યા કેસને લઈને ભાજપ મુખ્યમંત્રી હેમંત સોરેન પર પ્રહારો કરી રહી છે. મધ્યપ્રદેશના ગૃહમંત્રી અને ભાજપના નેતા નરોત્તમ મિશ્રાએ સીએમ સોરેન પર જોરદાર પ્રહારો કર્યા છે. નરોત્તમ મિશ્રાએ ઝારખંડના ધારાસભ્યોને ચાર્ટર્ડ પ્લેનમાં છત્તીસગઢની રાજધાની રાયપુર લઈ જવા અને હોટલમાં રોકાવા બદલ ટીકા કરી છે. નરોત્તમ મિશ્રાએ કહ્યું છે કે ધારાસભ્યોને ચાર્ટર્ડ પ્લેન દ્વારા આસપાસ લઈ જવામાં આવી રહ્યા છે, પરંતુ અંકિતાનું મૃત્યુ વેદનામાં થયું, તેના માટે પ્લેનની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. તેની સારવાર પણ યોગ્ય રીતે કરવામાં આવી ન હતી.



નરોત્તમ મિશ્રાએ કહ્યું, “જે દીકરીને જીવતી સળગાવી દેવામાં આવી હતી. તેણીએ ૫ દિવસ સુધી સહન કર્યું અને વેદનાથી મૃત્યુ પામ્યા, તેના માટે વિમાનની વ્યવસ્થા થઈ શકી નહીં. આ છે કોંગ્રેસ અને સીએમ સોરેનની મહિલાઓ અને જનતા પ્રત્યેની લાગણી. તેઓ ટ્વીટ પર કાં કરે છે અને લોકોને ચાર્ટર્ડ પ્લેનની જરૂર છે. તેમણે કહ્યું, “જ્યારે ચૂંટણી ચાલી રહી હતી, ત્યારે કમલનાથે કહ્યું હતું કે મારું હેલિકોપ્ટર તૈયાર છે. જો કોઈ ગરબડ હોય તો ચાલશે, પરંતુ જો આખું રાજ્ય પૂરમાં ડૂબી ગયું હોય તો હેલિકોપ્ટર જરા પણ કામ ન આવ્યું. આ એક રાજ્ય અને તેના નેતૃત્વનું ઉદાહરણ છે.”

તમને જણાવી દઈએ કે આ પહેલા બીજેપી નેતા કપિલ મિશ્રાએ પણ હેમંત સોરેન સરકાર પર નિશાન સાધ્યું હતું. કપિલ મિશ્રાએ એક વીડિયો જાહેર કરીને કહ્યું કે, જો નદીમ અન્સારી માટે હેલિકોપ્ટર મોકલી શકાય તો અંકિતા માટે કેમ નહીં? શાહરૂખના ભાઈનું બાંગ્લાદેશી કટ્ટરપંથી ઈસ્લામિક સંગઠનો સાથે શું જોડાણ છે? તેની તપાસ થવી જોઈએ. ૧૦ જૂને, નદીમ અનમસારી નામનો એક વ્યક્તિ રાંચીમાં પ્રોફેટ મોહમ્મદ પર સસ્પેન્ડ કરાયેલા બીજેપી પ્રવકતા નુપુર શર્મા દ્વારા ઉશ્કેરણીજનક ટિપ્પણીને લઈને હિંસક વિરોધમાં ઘાયલ થયો હતો. તેને એરલિફ્ટ કરીને દિલ્હીની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

એ યાદ રહે કે ઝારખંડના દુમકા શહેરમાં જરવાડીહ મોહલ્લામાં રહેતી ૧૭ વર્ષિય અંકિતાને શાહરૂખ નામના નરાધમે જીવતી સળગાવી દીધી હતી. જેમા તેનુ ૫ દિવસની સારવાર બાદ મોત થયુ છે. અંકિતા ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતી હતી. શાહરૂખ કેટલાય સમયથી તેની પાછળ પડ્યો હતો પરંતુ અંકિતા તેની સાથે વાત કરતી ન હતી. આ વાતનો રોષ રાખી સનકી શાહરૂખે તેના ઘરે પહોંચી ગયો હતો અને સૂતેલી અંકિતા પર પેટ્રોલ છાંટી તેને આગને હવાલે કરી હતી. અંકિતાને જીવતી સળગાવી દેનાર શાહરૂખને તેની આ ક્રુર હરકત પર કોઈ જ પસ્તાવો સુદ્ધા નથી. પોલીસે જ્યારે તેની ધરપકડ કરી ત્યારે તે બેશર્મ બની હસી રહ્યો હતો. હાલ અંકિતાનો પરિવાર આરોપી શાહરૂખને ફાંસી આપવાની માગ કરી રહ્યો છે.

ભોગ બનનાર અંકિતાનું પાંચ દિવસની સારવાર બાદ રવિવારે મોત થયુ હતુ. અંકિતાની મોતના પડઘા પુરા ઝારખંડ રાજ્યમાં પડ્યા છે અને તમામ લોકો શાહરૂખને ફાંસી આપવાની માગ કરી રહ્યા છે. આરોપી વિધર્મી હોવાથી હિંદુવાદી સંગઠનોમાં પણ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેને લઈને દુમકામાં કલમ ૧૪૪ પણ લાગુ કરી દેવાઈ છે. પરિવારજનો આરોપીને ફાંસી આપવાની માગ કરી રહ્યા છે. દુમકા(Dumka)માં ભારે સુરક્ષા વચ્ચે અંકિતાના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે.

અંકિતાના પરિવારની માગ છે કે આરોપી શાહરૂખને ફાંસીના માંચડે લટકાવવામાં આવે. અંકિતાના સ્વજનોનું કહેવુ છે કે છેલ્લા ઘણા સમયથી આરોપી શાહરૂખ તેની પજવણી કરી રહ્યો હતો. તેની સાથે ફ્રેન્ડશીપ ન કરવા માટે તેને મારી નાખવાની પણ ધમકી આપતો હતો. છેલ્લા ૧૦-૧૫ દિવસથી તે સગીરાનો પીછો કરી રહ્યો હતો. સ્કૂલે કે ટ્યુશને જતા સમયે પણ તે અંકિતાની છેડતી કરતો અને મોબાઈલ પર ફોન કરી દોસ્તી ન કરવા માટે મારી નાખવાની ધમકી આપતો હતો.

૨૨ ઓગષ્ટની રાત્રે પણ શાહરૂખે તેની વાત ન માનવા માટે અંકિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેણે ધમકીમાં કહ્યુ હતુ કે જો મારી વાત નહી માને તો તારા પરિવારને પણ મારી નાખીશ. આ જ વાતને લઈને તેણે ઘરમાં સૂઈ રહેલી અંકિતા પર પેટ્રોલ છાંટી આગ લગાવી દીધી હતી. જેમા અંકિતા ભયંકર રીતે દાઝી ગઈ હતી. તેનો રિમ્સ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. જેમા પાંચ દિવસ બાદ તે જિંદગી સામેની જંગ હારી ગઈ અને તેના શ્વાસ થંભી ગયા. જો કે મૃત્યુ પહેલા અંકિતાએ તેના ડાઈંગ ડિક્લેરેશનમાં પોલીસને જણાવ્યુ હતુ કે તે તેના રૂમમાં સૂતી હતી ત્યારે બહારની સાઈડ પડતી બારીમાંથી શાહરૂખે તેના પર પેટ્રોલ છાંટી આગ લગાવી હતી.

અંકિતાએ જણાવ્યુ હતુ કે તેણે બારી તરફ જોયુ તે મોહલ્લામાં રહેતો શાહરૂખ ત્યાં ઉભો હતો. તે હંમેશા નશો કરતો અને સ્કૂલે તેમજ ટ્યુશન જતી વખતે પીછો કરતો હતો. કોઈ પાસેથી મારો નંબર મેળવી ફોન પર પણ ધમકી આપતો હતો કે મારી સાથે વાત નહીં કરે તો આમ કરી નાખીશ.

# દાહોદ LCB પોલીસે ઘરફોડ ચોરીના બે આરોપીને ઝડપી પાડી ૭ બાઈક કબ્જે લીધી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ એલ.સી.બી. પોલીસે દાહોદ જિલ્લા તેમજ જિલ્લા બહાના વાહન ચોરીના આઠ અનડીટેક્ટર ગુન્હાનો ભેગ ઉકેલી રાજ્ય અને આંતરરાજ્ય ઘરફોડ ચોરીના કુલ ૪૮ ગુનાઓની કબુલાત કરનાર બે આરોપીઓને ઝડપી પાડી ચોરીની ૦૭ મોટરસાઈકલો કબજે કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લા પોલીસે હાલ નાસતા ફરતાં આરોપીઓ અને અડીટેક્ટર ગુન્હાઓની શોધી કાઢવાની કામગીરી કરી રહી છે. ત્યારે ગતરોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગરબાડા તાલુકાના માતવા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી. તે સમયે બાતમીમાં દર્શાવેલ નંબર વગરની એક મોટરસાઈકલ પરથી બે ઈસમો પસાર થઈ રહ્યાં હતાં. પોલીસે તેઓને મોટરસાઈકલ સાથે ઉભા રાખી પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો અને પોલીસે બંન્નેને લઈ પોલીસ મથકે આવી પહોંચી હતી. જ્યાં પોલીસે બંન્ને સઘન પુછપરછ કરતાં એકે પોતાનું નામ હેમરાજ ઉર્ફે હિમરાજ રાજુભાઈ મિનામા (રહે. માતવા, તા. ગરબાડા, જિ.દાહોદ) અને બીજાએ પોતાનું નામ સંતોષ કબાનભાઈ મિનામા (રહે. માતવા, તા.ગરબાડા, જિ.દાહોદ) જણાવ્યું હતું અને પોતે દાહોદ જિલ્લામાંથી અને જિલ્લા બહારથી મોટરસાઈકલો ચોરી કરતાં હોવાનું અને ઘરફોડ ચોરીને અંજામ આપી હોવાની કબુલાત કરી હતી. પોલીસે ઉપરોક્ત ઝડપાયેલ બંન્ને આરોપીઓ પાસેથી ચોરીની ૦૭ મોટરસાઈકલો કબજે કરી હતી. આ આરોપીઓની એક ગેંગ પણ છે, જે રાજ્ય અને આંતરરાજ્ય ચોરીઓને અંજામ આપતાં હતાં.

ઉપરોક્ત બંન્ને આરોપીઓ તેમજ તેમની ગેંગે દાહોદ, હાલોલ, વડોદરા, ગોધરા વિગેરે જેવા વિસ્તારોમાં મોટરસાઈકલ ચોરી તેમજ ઘરફોડ ચોરીને અંજામ આપ્યો હતો અને જેતે પોલીસ મથકે આ સંબંધે ફરિયાદ પણ નોંધાંવા પામી હતી.

આ ગેંગમાં કુલ ૦૮ સભ્યો હોય જેઓ દિવસ દરમ્યાન વિસ્તારની રેંકી કરી બંધ મકાનને નિશાન બનાવી રાત્રીના સમયે ઘરફોડ ચોરી કરતાં અને ઘરની આગળ લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલોની પણ ચોરી કરતાં હોવાનું કબુલ્યું હતું. મોટરસાઈકલોની ચોરીમાં ગેંગ ડુબ્લીકેટ ચાવીવો ઉપયોગ કરી મોટરસાઈકલ ચોરી કરતાં હતાં.

ઉપરોક્ત બે પૈકી પકડોલ હેમરાજ રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં પણ ચોરીને અંજામ આપી ચુક્યો છે અને રાજસ્થાનના બાંસવાડા પોલીસ મથકે પણ આ મામલે ફરિયાદ નોંધાંવવા પામી હતી.

સમગ્ર મામલે દાહોદ એલ.સી.બી. પોલીસે ઉપરોક્ત ઝડપાયેલ બંન્ને ઈસમોના ગેંગના અન્ય સભ્યોની ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

## દાહોદ શહેર સહિત જીલ્લામાં ગણેશ મહોત્સવનો પ્રારંભ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં ભગવાન શ્રી ગણેશ ઉત્સવના પ્રારંભ સાથે આજરોજ ભગવાન શ્રી ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશ ભક્તોમાં ભારે ઉત્સાહ જાવા મળી રહ્યો છે. આજરોજ ભગવાન શ્રી ગણેશ ચતુર્થીના પાવન અવસરે શહેરમાં ઠેર ઠેર નાના મોટા મંડળો, ગલીએ ગલીએ, શેરીએ શેરી તેમજ ઘરોમાં ગણેશજીની પ્રતિમાની ઉત્સાહભેર સ્થાપના કરવામાં આવી હતી.

છેલ્લા ચાર-પાંચ દિવસથી દાહોદ શહેરના ગણેશ મંડળો દ્વારા પ્રતિમાઓને વાજતે ગાજતે જે તે મંડળ સુધી લઈ જવામાં આવતા હતા અને ભગવાન શ્રી ગણેશ ઉત્સવની પોર જાશમાં તૈયારીઓ ચાલી રહી હતી. ત્યારે આજરોજ ભગવાન શ્રી ગણેશ ચતુર્થીના દિવસે ગણેશજીની પ્રતિમાઓનુ મંડળો દ્વારા વિધિવત સ્થાપના કરવામાં આવી હતી. આ ઉપરાંત શહેરના ગલી, મહોલ્લામાં સહિત ઘરે ઘરે ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી હતી. દાહોદ શહેરમાં દશ દિવસ બિરાજનારા દુંદાળા દેવ ગણેશજીની દશ દિવસ સુધી ભક્તો દ્વારા ભારે ઉમંગ અને ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવશે. ત્યારે મોટા મંડળો દ્વારા શહેરમાં આકર્ષક ઝાંખીઓ વિગેરે ડેકોરેશનની પણ તૈયારીઓને આખરી ઓપ અપાઈ ચુક્યો છે. દશ દિવસનું આતિથ્ય માણ્યા બાદ દાહોદ શહેરવાસીઓ શહેરમાં નિર્ધારિત કરવામાં આવેલ જળાશયોમાં ભગવાન શ્રી ગણપતિજીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવશે. આ બાબતની અગાઉથી જ તંત્ર દ્વારા નોંધ લઈ અને દશ દિવસ સુધી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર પણ સજાગ થઈ ગયુ છે. ત્યારે બીજી તરફ શહેરના મંડળો સિવાય ઘરે ઘરે ઘણા ગણેશ ભક્તો દ્વારા પીઓપીની પ્રતિમાની ખરીદી કરવાને બદલે ઈકોફ્રેન્ડલી ગણેશ મહોત્સવ ઉજવવા માટે માટીના ગણપતિજીની સ્થાપના પણ કરી છે.

## ઝાલોદ સિદ્ધિ વિનાયક મંદિરનો ૧૧ મો પાટોત્સવ તેમજ ગણેશ મંડળો દ્વારા વિવિધ વિસ્તારોમાં વાજતે ગાજતે સ્થાપના કરાઈ



ઝાલોદ,

ઝાલોદ નગરમાં આજ રોજ ગળી ગળી, ઘર ઘરમાં અને સાર્વજનિક વિસ્તારોમાં સિદ્ધ વિનાયક ગણેશજીની સ્થાપના શુભ મુહૂર્તમાં ધામ ધૂમ પૂર્વક થઇ હતી. દરેક વિસ્તારોમાંથી મોરિયા રે... બપ્પા મોરિયા રે... નો અવાજ સંભળાતો હતો. આજથી દસ દિવસ સુધી ગણેશજી નગરનું આતિથ્ય કરી રહ્યા છે, તો કોઈ પણ ભક્ત બાપ્પાની ભક્તિમાં કચાશ રાખવા તૈયાર નથી. દરેક ભક્તો બાપ્પાની ભક્તિમાં ખુબજ લીન જોવાઈ રહ્યા છે. બપ્પાના આગમનની ઘડીને દરેક ભક્તો આંખોમાં સજાવી રહ્યા છે. ઢોલ નગારા સાથે વિવિધ મંડળો દ્વારા વાજતે ગાજતે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી.

ઝાલોદ નગરના અનાજ માર્કેટમાં આવેલ સિદ્ધિ વિનાયક મંદિરે આજે મંદિરનો ૧૧ મો પાટોત્સવ ઉજવાઈ રહ્યો હતો. આ પ્રસગે અનાજ માર્કેટ બંધ રાખી દરેક વ્યાપારીઓ મંદિરના પાટોત્સવ નિમિત્તે જોડાયા હતા. આજે વહેલી સવારે સિદ્ધિ વિનાયક મંદિર ખાતે ૫ વાગે ગણેશજીને કેશર સ્નાન કરાવવામાં આવ્યું. ત્યાર બાદ ૬:૩૦ વાગે આરતી કરવામાં આવી હતી. સવારે ૧૧ વાગે ૧૦૦૮ લાડુંના મહાયજ્ઞ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ સાંજે ૬ વાગે યજ્ઞની પૂર્ણાહુતિ કરી ૭ વાગે આરતી કરવામાં આવી હતી. સાંજે ૭:૩૦ વાગે અથવેશિષેના પાઠ કરવામાં આવ્યા હતા. મંદિરનો પાટોત્સવ હોવાથી તેમજ આજે ગણેશ ઉત્સવ હોવાથી નગરમાં એકજ ગણેશ મંદિર હોવાથી સવારથીજ ભક્તો દર્શન કરવા ઉમટી પડેલ હતા અને ભક્તિ પૂર્વક ગણેશજીની પૂજા અર્ચના કરી હતી.

## દાહોદના ઉસરવાન બિરસા મુંડા ભવન ખાતે જીપીએસસી એક્ઝામનો સેમિનાર યોજાયો



દાહોદ,

દાહોદ તાલુકાના ઉસરવાન ખાતે કાર્યરત બિરસા મુંડા ભવન ખાતે સાર્વજનિક બિરસા ટ્રસ્ટ તથા લિબર્ટી કેરિયર એકેડમી દ્વારા જીપીએસસી ક્લાસ વન અને ટુ એક્ઝામનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.

આ સેમિનારમાં આદિવાસી વિદ્યાર્થીઓને સતત ચાર મહિના સુધી બિરસા મુંડા ભવન ખાતે સાર્વજનિક બિરસા ટ્રસ્ટના સહકારથી લિબર્ટી કેરિયર એકેડેમી વિદ્યાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષાઓના વર્ગ ચલાવશે. આજે આપણા સમાજના યુવાનો અને યુવતીઓ ખૂબ જ મોટી સંખ્યામાં બિરસા મુંડા ભવન ખાતે આ સેમિનારમાં હાજર રહ્યા હતા. જોકે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ ને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓમાં પણ ખુબજ સારો ઉત્સાહ જોવા મળ્યો હતો અને બિરસા મુંડા ભવનની રૂબરૂ મુલાકાત લઈને વિદ્યાર્થીઓને પણ ખુબજ સારો આનંદ થયો હતો અને તેમના તરફથી બિરસા મુંડા ભવન પ્રત્યે પણ સારો પ્રતિભાવ મળ્યો હતો. તેમાં સેમિનારમાં ભાગ લેવા આવેલા આદિવાસી સમાજના યુવક યુવતીઓ માટે બિરસા મુંડા ટ્રસ્ટ દ્વારા ખુબજ સારી વ્યવસ્થા/ સુવિધાઓ ઉભી કરી હતી. જે વિદ્યાર્થીઓએ બિરસા મુંડા આદિવાસી સમાજ ભવનનો ખૂબ ખૂબ આભાર પણ વ્યક્ત કર્યો હતો.

## દે.બારીઆના પુવાળા ગામે બાઈક સામે જાનવર આવતાં બાઈક સ્લીપ ખાઈ જતાં બે વ્યકિત પૈકી એકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પુવાળા ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે હંકારી લાવી તે સમયે રસ્તાની વચ્ચે કોઈ જાનવર આવી જતાં મોટરસાઈકલ સ્લીપ ખાઈ ગઈ હતી અને જેમાં બે પૈકી એકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૯મી ઓગષ્ટના રોજ દેવગઢ બારીઆ નગરના કાપડી વિસ્તારમાં ખાંડા ફળિયામાં રહેતાં મોસીમભાઈ મહંમદભાઈ ખાંડા અને તેમની સાથે એઝાઝભાઈ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ પુવાળા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. મોસીમભાઈએ પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે હંકારી લાવતાં તે સમયે રસ્તાની વચ્ચે કોઈ જાનવર આવી જતાં મોટરસાઈકલ પરનો કાબુ ગુમાવી દેતાં મોટરસાઈકલ સ્લીપ ખાઈ ગઈ હતી અને મોસીમભાઈ અને એઝાઝભાઈ બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે મોસીમભાઈને શરીરે, હાથે પગે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું જ્યારે પાછળ બેઠેલ એઝાઝભાઈને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે દેવગઢ બારીઆ નગરના કાપડી વિસ્તાર ખાતે ફાટક ફળિયા ખાતે રહેતાં અયુબભાઈ ઈસ્માઈલભાઈ શુક્લાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુરના કુદાવાડા ગામેથી ૧ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના કુદાવાડા ગામેથી પોલીસે એક રહેણાંક મકાનમાંથી રૂા. ૧,૦૦,૪૦૨નો વિદેશી દારૂ કબજે કર્યો હોવાનું જ્યારે પોલીસને જોઈ ઈસમો નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૩૦મી ઓગષ્ટના રોજ ધાનપુર પોલીસને મળેલ બામતીના આધારે પોલીસે કુદાવાડા ગામે ગામમાં રહેતાં તુષારભાઈ મગનભાઈ સુવાણના રહેણાંક મકાનમાં તુષારભાઈ અને તેની સાથે સુરેશભાઈ રામસીંગભાઈ પરમાર (રહે. ભાણપુર, પીપળીઘરા ફળિયુ, તા.ધાનપુર, જિ.દાહોદ) બંન્ને જણા વિદેશી દારૂનો જથ્થો ઢાલવતાં હતાં જ્યાં પોલીસે ઓચિંતી પ્રોહી રેડ પાડતાં ઉપરોક્ત બંન્ને જણા પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા. ૧,૦૦,૪૦૨નો જથ્થો કબજે કરી ધાનપુર પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા આર્ટસ કોલેજના શાહજેબ જેનુલભાઈ સાઠીયા અને અમાન હમીદભાઈ ભાભોર એ ફતેપુરા આર્ટ્સ કોલેજ સહિત સમગ્ર તાલુકાનું ગૌરવ વધાર્યું




તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

શ્રી ગુરૂ ગોવિંદ યુનિવર્સિટી ગોધરા, દ્વારા આંતર કોલેજ રમતોત્સવ, મહારાણી પ્રેમકુમારી કોલેજ દેવગઢ બારીયા ખાતે પાવર લિફટિંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આર્ટ્સ કોલેજ ફતેપુરાના ખેલાડી શાહજેબ જેનુલભાઈ સાઠીયાએ ૬૭ કિલો ગ્રામ વજન કેટેગરીમાં ૨૭૦ કિલો વજન ઊંચકીને ત્રીજા નંબરે વિજેતા થયેલ છે અને બીજા ખેલાડી અમાન હમીદભાઈ ભાભોર એ ૮૩ કિલોગ્રામ વજન કેટેગરીમાં ૨૫૫ કિલો વજન ઊંચકીને બીજા નંબરે વિજેતા થયેલ છે અને આ ખેલાડીઓએ ડોક્ટર યોગેન્દ્રસિંહ ચૌહાણના માર્ગદર્શનમાં સિદ્ધિ હાસિલ કરેલ છે અને આ ખેલાડીઓને ફતેપુરા આર્ટસ કોલેજના આચાર્ય અને સમગ્ર કોલેજ સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા અને આ વિદ્યાર્થીઓએ ફતેપુરા કોલેજ સહિત સમગ્ર ફતેપુરા તાલુકાનું નામ રોશન કરેલ છે.

## આપ નેતા મનોજ સોરઠીયા પર સુરતમાં હુમલો : ૮ સામે ફરિયાદ



સુરત,

આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયા પર ગઈ કાલે હુમલો કરવામાં આવ્યો છે. સુરતના સીમાડા નાકા વિસ્તારમાં આપ નેતા પર હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં મનોજ સોરઠીયા ઘાયલ થયા છે અને તેમને માથું લોહી લુહાણ થયું છે. આમ આદમી ટ્વિટર હેન્ડલ પર દાવો કરવામાં આવ્યો છે કે, આ હુમલો ભાજપના લોકો દ્વારા કરવામાં આવ્યો છે. આ મામલામાં કાપોદ્રા પોલીસમાં ૮ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. કલમ ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૨૯૪ખ, ૩૦૪, ૫૦૬ મુજબ ફરિયાદ નોંધવામાં આવી છે. કાપોદ્રા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ ગુજરાત આપ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ લોકો પાસે મદદ માંગી છે અને તેમને સુરત આવવા આહ્વાન કર્યું છે. તેમણે ગુજરાત આપના ઓફિશિયલ ટ્વીટર હેન્ડલથી એક વીડિયો મેસેજ મુક્યો છે. આરોપી તરીકે ફરિયાદીએ જે નામ નોંધાવેલ છે તેમાં૧ દિનેશ દેસાઈ.૨ ભરત ઘેલાની.૩ કાંતિ સાનગઠિયા.૪ ભાવેશ ઘેલાની.૫ કિશન દેસાઈ૬ કલ્પેશ દેવાણી.૭ મહેશ સાકરીયા.૮ મહેન્દ્ર દેસાઈ સામેલ છે. આ અંગે આપના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્લીના સીએમ અરવિંદ કેજરીવાલે પણ ટ્વીટ કર્યું છે. તેમણે કહ્યું કે, વિપક્ષના લોકો પર આ રીતે હુમલો કરવો યોગ્ય નથી. ચૂંટણીમાં હાર જીત થતી રહે છે, પરંતુ વિપક્ષને હિંસાથી કચડી નાખવું એ ગુજરાતની સંસ્કૃતિની વિરુદ્ધ છે અને જનતા તેને પસંદ નથી કરતી. હું ગુજરાતના સીએમને અપીલ કરું છું કે ગુનેગારોને કડકમાં કડક સજા કરવામાં આવે અને દરેકની સુરક્ષા કરે.

## માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડતી સંજેલી પોલીસ



સંજેલી,

સંજેલી ઝાલોદ રોડ ઉપર બે બાઈકોનો અકસ્માત થયો હતો. જેમાં બાઈક ઉપર સવાર એક યુવકને મોટી ઈજાઓ થવા પામી હતી. જોત જોતા ત્યાં ભીડ ભેગી થઈ ગઈ હતી. ભીડ જોઈ ત્યાથી નીકળતા સંજેલી પોલીસના પીએસઆઇ રાઠવા ત્યાં પહોંચી ગયેલ હતા અને ત્યાં બનાવની માહિતી મેળવી ત્યાંર બાદ બનાવની ગંભીરતા જોતા સંજેલીના પીએસઆઇ રાઠવા દ્વારા તાત્કાલિક ઇજા પામેલ યુવકને પોલીસ ગાડીમાં બેસાડી સંજેલી ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઇ જઇ ત્યાં ઈલાજ કરાવેલ અને સારવાર કરાવી હતી.

ત્યારબાદ સંજેલી પીએસઆઇ રાઠવા દ્વારા અકસ્માતની વિગતવાર તપાસ ચાલુ કરેલ હતી. આમ, સંજેલી પોલીસ દ્વારા પહેલા માનવતા દાખવતા પોલીસ સ્ટાફ તથા લોકોમાં ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. આમ સૌ કોઈ પોલીસના કાર્યને બિરદાવતા જોવા મળતા હતા.

## દાહોદમાં મહિલાના મોબાઈલ ઉપર અશ્લિલ મેસેજ મોકલતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં રહેતી એક ૫૩ વર્ષીય મહિલાને એક યુવકે મહિલાના મોબાઈલ ફોન ઉપર વોટ્સએપ પર અશ્લિલ મેસેજો મોકલી બિભિસ્ત માંગણી કરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ખાતે અરૂણોદય સોસાયટીમાં રહેતો દિનેશભાઈ ગુલાબસિંહ ગણાવાએ દાહોદ શહેરમાં રહેતી એક ૫૩ વર્ષીય મહિલાના મોબાઈલ ઉપર વોટ્સએપ પર અભદ્ર મેસેજમાં મહિલાને કહેલ કે, મસ્ત સેક્સી લાગો છો, અને મને પણ એક ચાન્સ આપો, જેવા અશ્લિલ મેસેજો કરતાં આ સંબંધે મહિલાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુરમાં બનાવટી દસ્તાવેજોના ગુનાના ફરાર આરોપીને પોલીસે ઝડપ્યો

દાહોદ,

ધાનપુરમાં ૨૦૨૦માં બનાવટી દસ્તાવેજ પ્રકરણમાં મદદગારીમાં સામેલ યુવક અઢી વર્ષથી ફરાર હતો આ યુવક ઘરે આવ્યો હોવાની બાતમી મળતા ધાનપુર પોલીસે છાપો મારીને તેને ઝડપી પાડ્યો હતો. ધાનપુરમાં બનાવટી દસ્તાવેજો અંગેનો એક ગુનો ૨૦૨૦માં ધાનપુર પોલીસ મથકમાં દાખલ થયો હતો. આ પ્રકરણમાં બનાવટી દસ્તાવેજોમાં મદદગારીમાં ઉંડારના રંગેશ મોહનીયાનુ નામ ખુલ્યુ હતુ. ગુનો દાખલ થયા બાદ રંગેશ ફરાર થઈ ગયો હતો. મજુરી કામ અર્થે તે જુદા જુદા ગામોમાં ફરતો હતો. રાતના ચોરી છુપીથી તે ઘરે આવ્યા બાદ નીકળી જતો હોવાથી પોલીસના હાથે લાગતો ન હતો. ત્યારે ગત રાતે આવ્યો હોવાની બાતમી ધાનપુર પોલીસને મળી હતી તેના આધારે ગુપ્ત રીતે તેના ઘરે છાપો મારવામાં આવ્યો હતો. ત્યારે રંગેશ ઘરેથી નિંદ્રાધિન અવસ્થામાં મળી આવ્યો હતો જેથી પોલીસે તેને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## વિદેશી ચલણ લઈને મુસાફર દિલ્હીથી દુબઈ જઈ રહ્યો હતો, CISFએ ઝડપ્યો

નવીદિલ્હી,

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિદેશી ચલણ છુપાવવાની અનોખી રીત સામે આવી છે. સીઆઈએસએફએ એક મુસાફરને ઝડપી લીધો છે, જે ડ્રેસમાં ૧.૮૫ લાખ સાઉદી રિયાલ (ભારતીય ચલણ અનુસાર લગભગ ૪૧ લાખ) છુપાવીને વિદેશ જઈ રહ્યો હતો. આ ઘટના મંગળવારે સવારે લગભગ ૪ વાગ્યાની છે, જ્યારે ટર્મિનલ-૩ પર ચેકિંગ દરમિયાન એરપોર્ટ ઈન્ટેલિજન્સે પેસેન્જરની શંકાસ્પદ એક્ટિવિટી જોવામાં આવી હતી. એરપોર્ટ ઈન્ટેલિજન્સે આ અંગેની સીઆઈએસએફને જાણ કરી હતી. ત્યાર બાદ આ તમામ કાર્યવાહી કરવામાં આવી. મુસાફરનું નામ મિસમ રઝા છે અને તે સ્પાઈસ જેટની ફ્લાઈટથી દુબઈ જઈ રહ્યો હતો. સીઆઈએસએફએ આ સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા પર મૂક્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.10

## શહેરા તાલુકાના મોરવા રેણા ગામના રોહિતવાસમાં

# જોધલબાપાના મંદિર પાસે આવેલ આંગણવાડી કેન્દ્ર-૧ પાછલા સાત વર્ષથી જર્જરીત


તસ્વીર : તુષાર દરજી, શહેરા



- આંગણવાડી કાર્યકર બહેનના ઘરે પાંચ વર્ષથી બાળકો બેસી રહ્યા છે.
- આંગણવાડી કાર્યકર બહેન રતન બેન સોલંકીના જણાવ્યા અનુસાર પાંચ વર્ષથી હું બાળકોને મારા ઘરે બેસાડી રહી છુ આંગણવાડી કેન્દ્ર ને અડીને વીજ થાંભલો હોવા સાથે વીજ ડીપી આવેલ હોય તેના કારણે અમારી આંગણવાડી કેન્દ્ર બની શક્યું નથી.
- રોહિત વાસ તેમજ મંદિર ફળિયા સહિત અન્ય વિસ્તારમાંથી શિક્ષણ માટે આવતા ૪૫ જેટલા બાળકોને આંગણવાડી કાર્યકર બહેન રતન બહેન સોલંકી પોતાના ઘરે પાંચ વર્ષથી બેસાડતા હોવા છતાં જવાબદાર તંત્રના અધિકારી દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં નહી આવતા આ આંગણવાડી કેન્દ્રનું નવીન મકાનની કામગીરી શરૂ નહી થતા વાલીઓમાં ભારે આક્રોશ.

શહેરા,

શહેરા તાલુકાના મોરવા રેણા ગામના રોહિત વાસમાં જોધલબાપા ના મંદિર પાસે આવેલ આંગણવાડી કેન્દ્ર-૧ પાછલા સાત વર્ષથી જજરીત હાલત માં હોવાથી આંગણવાડી કાર્યકર બહેન પાંચ વર્ષથી અહીં આવતા બાળકો ને પોતાના ઘરે બેસાડતા હોય છે. કાર્યકર બહેનના જણાવ્યા અનુસાર આંગણવાડીને અડીને વીજ થાંભલો અને વીજ ડીપી હોવાના કારણે અમારી આંગણવાડી નવી બની શકી નથી. જ્યારે આંગણવાડી કેન્દ્ર ખાતે આવતા બાળકોના વાલીઓ પણ ઈચ્છી રહયા છે કે, આ આંગણવાડી કેન્દ્ર વહેલી તકે નવીન બને પણ સબંધિત તંત્ર આના માટે ક્યારેય વિચારશે તે જોવુજ બની રહયુ છે.

શહેરા તાલુકાના મોરવા રેણા ગામની વસ્તી ચાર હજારની આસપાસ હોવા સાથે શિક્ષણ ક્ષેત્રે આગળ છે. આ ગામના રોહિતવાસમાં આવેલ જોધલબાપાના મંદિર પાસેની આંગણવાડી કેન્દ્ર-૧ સાત વર્ષથી જર્જરીત હોવા સાથે અહીં બાળકો બેસી શકે તેમ નહીં હોવાથી અહીં ફરજ બજાવતા આંગણવાડી કાર્યકર બહેન રતનબેન મૂળજીભાઈ સોલંકી બાળકોને પોતાના ઘરે બેસાડતા હોય છે. આ આંગણવાડી નવીન બને તે માટે આંગણવાડી કાર્યકર બહેન દ્વારા પોતાની કચેરી તેમજ ગ્રામ પંચાયતને પણ લેખિત અને મૌખિક રજૂઆત તેઓ દ્વારા કરવામાં આવવા છતાં હજુ સુધી આ આંગણવાડી નવી બની શકી નથી. જ્યારે આંગણવાડી કાર્યકર બહેન રતન બેન સોલંકીના જણાવ્યા અનુસાર પાંચ વર્ષથી હું બાળકોને મારા ઘરે બેસાડી રહી છું. આંગણવાડી કેન્દ્રને અડીને વીજ થાંભલો હોવા સાથે વીજ ડીપી આવેલ હોય તેના કારણે અમારી આંગણવાડી કેન્દ્ર બની શક્યું નથી. આ ગામની આંગણવાડી કેન્દ્રમાં હરીજનવાસ, નાયક ફળીયુ, રોહિતવાસ તેમજ મંદિર ફળિયા સહિત અન્ય વિસ્તાર માંથી શિક્ષણ માટે આવતા ૪૫ જેટલા બાળકોને આંગણવાડી કાર્યકર બહેન રતનબહેન સોલંકી પોતાના ઘરે પાંચ વર્ષથી બેસાડતા હોવા છતાં જવાબદાર તંત્રના અધિકારી દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં નહીં આવતા આ આંગણવાડી કેન્દ્રનું નવીન મકાનની કામગીરી શરૂ નહી થતા વાલીઓમાં ભારે આક્રોશ પણ આ સામે જોવા મળી રહયો હતો. આંગણવાડીમાં ફરજ બજાવતા આંગણવાડી કાર્યકર બહેન તેમજ તેડાગર પુષ્પાબેન ચૌહાણ જો પોતાની નૈતિક ફરજ સમજીને બાળકોને સારૂ શિક્ષણ આપતા હોય ત્યારે જવાબદાર તંત્ર દ્વારા પણ આ આંગણવાડી કેન્દ્ર-૧ ને અડીને આવેલ વીજ ડીપી તાત્કાલિક દૂર કરે અને નવીન મકાનની કામગીરી વહેલી તકે શરૂ થાય તેમ વાલીઓ સાથે આ ગામના જાગૃત નાગરીકો પણ ઈચ્છા રહયા છે.

## ઘોઘંબાના ખરોડા ગામે સગીરા સાથે દુષ્કર્મના પ્રકરણમાં આરોપીને ૨૦ વર્ષ કેદની સજા ફટકારી

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ખરોડ ગામે સગીરા પર બળાત્કાર કરવાના ચકચારી પ્રકરણમાં ગોધરા કોર્ટે બે આરોપીઓને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૧૫ હજારનો દંડ ફટકારતો હુકમ ગોધરાની પોસ્કો કોર્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. જે કેસમાં ૧૪ સાક્ષીઓ અને કુલ ૨૫ થી વધુ રજુ કરવામાં આવેલા દસ્તાવેજોને ધ્યાને લઈ કોર્ટે બન્ને આરોપીઓને સજા ફટકારતો હુકમ કર્યો હતો.

બનાવની વિગત એવી છે કે, ઘોઘંબા તાલુકાના ખરોડ ગામે સને -૨૦૧૮માં લગ્નપ્રસંગમાં ગયેલી સગીર કિશોરી શૌચક્રિયા કરવા જતી વેળાએ ગામના જ બે હવસખોરોએ તેની મરજી વિરૂધ્ધ બળજબરી પુર્વક બળાત્કાર કરતા આ ચકચાર કેસમાં પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ જે કેસ ગોધરાની પોસ્કો કોર્ટમાં ચાલી જતા ફરીયાદી પક્ષે કુલ ૧૪ જેટલા સાક્ષીઓ તપાસી અને કુલ ૨૫ જેટલા રજુ કરવામાં આવેલા દસ્તાવેજો ધ્યાને લઈ તા.૩૦/૮/૨૦૨૨ ના રોજ ફરિયાદ પક્ષના સરકારી વકીલ એમ.કે.દેશમુખની વિગતવારની દલીલોને ધ્યાનમાં લઈ ગોધરાની પાંચમી પોસ્કો કોર્ટના જજ એચ.પી.મહેતા નાઓએ આરોપી હરેશ અભેસિંગભાઈ બારીઆ અને પંકજ નરવતભાઈ બારીઆ બન્ને રહે, ખરોડ નાઓને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૧૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. વધુમાં પોસ્કો એકટની કલમ ૪ અને ૬ મુજબ બન્ને આરોપીને ૧૦-૧૦ વર્ષની સજા અને રૂ.૧૦ હજાર તથા ૧૫ હજાર નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો અને ભોગબનારને ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી ગોધરા નાઓએ રૂ.૬ લાખ વળતર પેટે ચુકવવાનો પણ હુકમ કર્યો હતો.

## ઘોઘંબાના ભાણપુરા ગામ પાસે બાઈક ચાલકને બચાવવા જતાં કાર ઝાડ સાથે અથડાતા ત્રણ વ્યકિતને ઈજાઓ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ભાણપુરા ગામ પાસે હાલોલ તરફ થી આવતી કાર બાઈક ચાલકને બચાવવા જતાં કાર ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેને લઈ કારમાં સવાર ત્રણ લોકોને ઈજા ચાલક્ને પગમાં ફ્રેકચર થતાં વડોદરા ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ભાણપુરા ગામ પાસે હાલોલ તરફ થી કાર નંબર જીજે.૧૭.બીએચ.૭૯૮૯ લઈ જીંજરીન વનરાજભાઈ તથા પ્રફુલભાઈ આવી રહ્યા હતા. ત્યારે રોંગ સાઈડ થી આવતાં બાઈક ચાલકને બચાવવા જતાં કાર ધડાકા સાથે રોડ સાઈડ ઝાડ સાથે અથડાઈ હતી. બાઈક ચાલક ઘટના સ્થળે નાશી છુટીયો હતો. કારમાં સવાર ત્રણ વ્યકિતને કારની એર બેગ ખુલી જતાં નાની મોટી ઈજાઓ થઈ હતી. ગ્રામજનોમાં કારમાં સવાર ઈજાગ્રસ્તોને બહાર કાઢી ૧૦૮ મારફતે ખસેડવા જતા ઈજાગ્રસ્ત યુવાન બુમાબુમ કરી મુકતા ૧૦૮ માંથી ઉતરી ખાનગી વાહનમાં ઘોઘંબા હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા.

## ગોધરા નારી કેન્દ્ર પાસે ભુગર્ભ ગટરલાઈન માટે મુખ્યમંત્રીને રજુઆત

ગોધરા,

ગોધરા શહેરના પથ્થર તલાવડી વિસ્તારમાં આવેલ રિમાન્ડ હોમ તથા નારી કેન્દ્ર પાસેના એકલવ્ય ફળિયાના રહિશોએ રાજયના મુખ્યમંત્રીને ફળિયામાં ભુગર્ભ ગટરલાઈન નાંખવાની રજુઆત કરી હતી. રજુઆતમા જણાવ્યુ હતુ કે, જયારથી ભુગર્ભ ગટર યોજના અમલમાં આવી છે ત્યારથી આજદિન સુધી નગરપાલિકા તરફથી વિસ્તારમાં ભુગર્ભ ગટર યોજનાનુ આયોજન પાલિકા દ્વારા કરવામાં આવ્યુ નથી. વિસ્તારમાં પારાવાર ગંદકીથી રહિશો પરેશાન થાય છે. જેથી તાત્કાલિક ૧૦૦ ઘરોના ફળિયામાં ગટર યોજનાનુ કામ શરૂ કરવા વિનંતી કરી હતી. અને વધુમાં જણાવ્યુ હતુ કે, જો ભુર્ગભ ગટર યોજનાનુ કામ શરૂ કરવામાં નહિ આવે તો વિસ્તારના લોકો આવનારી વિધાનસભા ચુંટણીનો બહિષ્કાર કરીશુ તેવી ધમકી ઉચ્ચારતી રજુઆત કરી હતી.

## જાંબુઘોડા ખાતે પ્રાયમરી પ્રોસેસિંગ સેન્ટરનુ ખાતામુર્હુત કરાશે

ગોધરા,

રાજયના કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા બાગાયત પાક પરીસંવાદ અને પ્રાઈમરી પ્રોસેસિંગ સેન્ટરના ખાતામુર્હુત કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં આગામી તા.૧ને ગુરૂવારના રોજ જાંબુઘોડા સ્થિત મહાત્મા ગાંધીભવન, જાંબુઘોડા પંચાયત ખાતે કાર્યક્રમ યોજાશે તથા સેન્ટર ઓફ એકસેલન્સ, ખાંડીવાવ, જાંબુઘોડા ખાતે ખાતામુર્હુત કરવામાં આવશે. કૃષિ મંત્રીના અધ્યક્ષ સ્થાને જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના મુ.માવાપર ખાતે સેન્ટર ઓફ એક્સેલન્સ અને પ્રાયમરી પ્રોસેસિંગ સેન્ટરનુ ખાતામુર્હુત અને પાક પરીસંવાદનુ આયોજન તા.૦૧/૦૯/૨૦૨૨ના રોજ કરવાનુ થાય છે. જેમાં જામનગર ખાતેથી આ કાર્યક્રમનુ જીવંત પ્રસારણ થનાર છે.

## ઘોઘંબાના માલુ ગામે વધુ એક દિપડો પાંજરે પુરાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

માલુ ગામે વધુ એક દીપડો પાંજરામાં પુરાયો વન વિભાગ દ્વારા ગોઠવેલા પાંજરા શિકારની શોધમાં આવેલો દીપડો પાંજરે પુરાયો. ઘોઘંબા તાલુકામાં માનવ ભક્ષી દીપડાઓએ આતંક મચાવ્યો હતો. જેમાં વાવકુંડલી અને માલુ ગામના માસુમ બાળકોને ઉપાડી જઈ તેમનો શિકાર કર્યો હતો. ત્યારબાદ વનવિભાગ દ્વારા દીપડાને પકડવા માટે અલગ અલગ જગ્યાએ પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. જેમાં થોડા દિવસ પહેલા એક દીપડો પાંજરામાં પુરાયો હતો પરંતુ ઘોઘંબા પંથકમાં અસંખ્ય દિપડા હોય તેજ દિપડો માનવ ભક્ષી છે કે નહીં તેવી અનેક શંકા-કુશંકા સેવાઈ હતી. ત્યારે આજરોજ સાંજના શુમારે વધુ એક દીપડો માલુ ગામેથી પાંજરામાં પુરાયો હતો. યુવાન લાગતો આ દીપડો માનવ ભક્ષી હોય તેવી શંકા સેવાઈ રહી છે.

## હાલોલના રવાલીયા ગામે સ્ટેટ મોનીટરીંગ સેલ રેઈડ કરી ૫૬ હજારના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના રવાલીયા ગામે રહેતો ઈસમ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનું વેચાણ કરતા હોય તે સ્થળે સ્ટેટ મોનીટરીંગ સેલ એ રેઈડ કરી ઈંગ્લીશ દારૂ ૫૬,૧૦૦/-રૂપીયા, એલન્ટ્રા કાર, મોબાઈલ ફોન મળી ૩,૬૬,૧૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના રવાલીયા ગામે રહેતા અનિલ ઉર્ફે પિન્ટુ અરવિંદભાઈ પરમાર પોતાના ઘરમાં દારૂનો ધંધો કરતો હોય તેવી બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ એ રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ નીની બોટલ નંગ-૩૮૧ કિંમત ૫૬,૧૦૦/-રૂપીયા એલન્ટ્રા કાર, મોબાઈલ ફોન નંગ-૨ મળી કિંમત ૩,૬૬,૧૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે ઉમેશ ઉર્ફે જીગો અરવિંદ પરમાર દારૂ મોકલનાર વિપુલભાઈ નાગજીભાઈ રાઠવા દારૂનો જથ્થો ભરી આપનારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં ગણેશ મંડળો દ્વારા શ્રીજીની મૂર્તિઓનું વિધી વિધાન સાથે સ્થાપના કરી






ગોધરા,

ગોધરા શહેર સહિત જીલ્લામાં આજ થી ગણેશ મહોત્સવ પર્વ એ શ્રીજીની મૂર્તિને વિધી વિધાન સાથે સ્થાપિત કરી બાપાની આરાધનામાં ભક્તો લીન બન્યા છે.

ગોધરા શહેરમાં ગણેશ મંડળો દ્વારા પંડાલોમાં સ્થાપિત શ્રીજીની મૂર્તિઓનું વિધી વિધાન સાથે સ્થાપના કરવામાં આવી. છેલ્લા બે વર્ષ કોરોના કાળને લઈ શ્રીજી ભકતો મુકત અને શ્રીજીની આગતા-સ્વાગતા કરી શકયા ન હતા. ત્યારે આ વર્ષે ગણેશ મહોત્સવમાં છુટછાટ આપવામાં આવી છે. તેને લઈને શહેરની સોસાયટીઓ મહોલ્લા ગલીઓ અને ઘરોમાં ગણપતિની મનમહોક મૂર્તિઓ ધામધૂમ થી લાવવામાં આવી હતી અને ગણેશ ચર્તુથીના દિવસે ભગવાન ગણપતિજીની મૂર્તિઓનું વિધી વિધાન સાથે સ્થાપના કરવામાં આવી છે. ગોધરાના ગણેશ મંડળો અને ગણેશ ભકતો પાંચ દિવસ આતિથ્ય માણવા આવેલ શ્રીજીનું ભકિતભાવ સાથે પૂર્જા અર્ચનામાં લીન બન્યા છે. ગણેશ મહોત્સવ પર્વને લઈ ગોધરા નગરના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે.



અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ચૌહાણ મોહનભાઇ અભેસીંગભાઇ
તરફથી અભીનંદન....
ભગત ફળિયું - મુ. પાડા,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી રણધીકપુર વિભાગ
મો.ક.ખે.વિ.વિ.કા.સ.મં. શાખા
તરફથી અભીનંદન....
મુ. પાલ્લા બારેલા,
તા. લીમખેડા,
જી. દાહોદ